INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા.૨૦-૧૧-૨૦૨૫**

- **ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા 'નેતૃત્વ સૃજન' બે દિવસીય તાલીમ શિબીરનું મહિલા કોંગ્રેસ રાષ્ટ્રિય અધ્યક્ષા શ્રીમતિ અલકા લાંબા, પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડા, વિધાનસભા વિપક્ષના નેતાશ્રી ડૉ.તુષાર ચૌધરીએ ઉદ્દ્‌ઘાટન કર્યું.**
- **મહિલા નેતૃત્વ સૃજન તાલીમ શિબીરમાં સંગઠન, ટીમ બિલ્ડીંગ, વિવિધ માધ્યમોનો સહયોગ, સંવિધાન, લોકતંત્ર સહિતના વિષયો પર વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો-રાષ્ટ્રિય નેતાઓ આપી તાલીમ.**

ગુજરાત મહિલા કોંગ્રેસ દ્વારા 'નેતૃત્વ સૃજન' તાલીમ શિબીર ઉદ્દ્‌ઘાટન કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી અલકાબેન લાંબા અને સોશિયલ મીડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી સુપ્રિયા શ્રીનેત ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી અલકા લાંબાજીએ શિબિરને સંબોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાત મહિલા કોંગ્રેસ દ્વારા બે દિવસીય 'મહિલા નેતૃત્વ સૃજન' કાર્યક્રમ થકી મહિલાઓને મુખ્યધારામાં નેતૃત્વ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ગુજરાતમાં આવનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મહિલા કોંગ્રેસ મજબૂતાઈથી લડશે. શિબિરમાં સોશિયલ મીડિયા, મીડિયા, ટીમ બિલ્ડિંગ, કોંગ્રેસ વિચારધારા, લોકશાહી અને સંવિધાન સહિતની ટ્રેનિંગ થકી મજબૂત મહિલા નેતૃત્વ કોંગ્રેસ પક્ષને મળશે.

મહિલા નેતૃત્વ સૃજન શિબીરને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાત મહિલા કોંગ્રેસની તમામ મહિલાઓ આગેવાની લે, ગુજરાતમાં મોઘવારી, બેરોજગારી, મહિલા અત્યાચાર સહિતના વિવિધ મુદ્દાઓને ઉજાગર કરવા માટેના કાર્યક્રમો કરી ગુજરાતની મહિલાઓના અવાજને મજબૂત બનાવે. કોંગ્રેસ પક્ષ મહિલા નેતૃત્વ અને મહિલા સશક્તિકરણ માટે હંમેશા કટિબદ્ધ રહ્યો છે. મહિલા કોંગ્રેસ રાજ્યની મહિલાઓનો પ્રબળ અવાજ બને.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ શિબિરને સંબોધિત કરતા જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મહિલા નેતૃત્વ ખૂબ જ મહત્વનું છે ત્યારે ભાજપની જેમ મહિલા સરપંચના પતિ વહીવટ કરતા હોય તેમ નહીં પરંતુ ખરા અર્થમાં મહિલા કોંગ્રેસ મહિલા સશક્તિકરણ માટે આગળ આવે. કોંગ્રેસ પક્ષ તમામ સ્તરે મહિલાઓને તેમના હક્ક અને અધિકાર માટે સંકલ્પબદ્ધ છે.

શિબિરના પ્રથમ દિવસે સોશિયલ મીડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી સુપ્રિયા શ્રીનેતજીએ સોશિયલ મીડિયાના અસરકારક ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેટલું મહત્વનું અને ઉપયોગી થઈ શકે એ અંગે એપ્લિકેશન સહિત  વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. ભાજપ દ્વારા કેટલી મોટી માત્રામાં ખોટો પ્રચાર પ્રસાર થઈ રહ્યો છે તેનો સામનો કરવા સત્ય અને તથ્ય સાથે સોશિયલ મીડિયામાં માહિતી મૂકવાની કામગીરી વધુ અસરદાર કઈ રીતે થઈ શકે તે અંગે માર્ગદર્શિત કર્યા હતા. લોકશાહીમાં મહિલા નેતૃત્વ અને પ્રતિનિધિત્વ અંગે વિવિધ એક્ટિવિટી સાથે સ્કૂલ ઓફ ડેમોક્રસીનાં શ્રી પ્રખરજીએ સેશન લીધો હતો. પૂર્વ સાંસદ ડૉ.અમીબેન યાજ્ઞિક, કેપ્ટન દાવરાએ વિવિધ વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. શિબિરમાં બીજા દિવસે તાલીમ વિભાગના વડાશ્રી સચિન રાવ, શ્રી શ્રીનિવાસ વીવી, શ્રી સોફીયાખાન, પ્રો. હેમંત પરિખએ વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન આપશે. સમગ્ર નેતૃત્વ સૃજન શિબિરમાં પ્રદેશ હોદ્દેદાર, આગેવાનશ્રી, ગુજરાતના તમામ મહિલા કોંગ્રેસ જિલ્લા પ્રમુખશ્રી, ચૂંટાયેલા પ્રતિનિધિ ઉપસ્થિતિ રહ્યા હતા.

(ડૉ. હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ